ટેકાના ભાવે ખરીદીમાં ખેડૂતને મોટી રાહત

હવે એક ખેડૂત પાસેથી 175 મણ બાજરી, 125 મણ મકાઈ અને 85 મણ જુવારની ખરીદી થશે

ગાંધીનગર : ખેડૂતોના હિતમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા સીએમ ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે ટેકાના ભાવે ખરીદવામાં આવતી બાજરી, મકાઈ અને જુવારની પ્રતિ ખેડૂત ખરીદી મર્યાદામાં નોંધપાત્ર વધારો જાહેર કર્યો છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી હજારો ખેડૂતોને સીધો આર્થિક લાભ મળશે અને તેઓ પોતાની વધુ ઉપજ સરકારને ટેકાના ભાવે વેચી શકશે.

રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ખેડૂતોની રજૂઆતો અને કિસાન સંઘની માંગણીઓને ધ્યાને રાખીને સરકાર દ્વારા ખરીદી મર્યાદામાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કૃષિ મંત્રી, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણ સોલંકી અને કિસાન સંઘના પ્રતિનિધિઓ વચ્ચે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠક બાદ આ મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે.

નવી વ્યવસ્થા મુજબ હવે બાજરીની ખરીદી મર્યાદા 2,000 કિલોથી વધારીને 3,500 કિલો (175 મણ) કરવામાં આવી છે. એટલે કે પ્રતિ ખેડૂત 1,500 કિલોનો સીધો વધારો કરવામાં આવ્યો છે. તેવી જ રીતે મકાઈની ખરીદી મર્યાદા 1,500 કિલોથી વધારીને 2,500 કિલો (125 મણ) અને જુવારની ખરીદી મર્યાદા 1,000 કિલોથી વધારીને 1,700 કિલો (85 મણ) કરવામાં આવી છે.રાજ્ય સરકારના આ નિર્ણયને ખેડૂતો માટે આર્થિક સંજીવની સમાન ગણવામાં આવી રહ્યો છે.

અત્યાર સુધી ઘણા ખેડૂતો ખરીદી મર્યાદાને કારણે પોતાની સંપૂર્ણ ઉપજ ટેકાના ભાવે વેચી શકતા નહોતા. હવે વધારેલી મર્યાદાના કારણે વધુ ઉત્પાદન ધરાવતા ખેડૂતોને બજારના ઉતાર-ચઢાવથી બચીને સીધો સરકારી ટેકો મળશે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર ખેડૂતોને મજબૂત આર્થિક સુરક્ષા આપવા માટે સતત પ્રયાસશીલ છે. કેન્દ્ર સરકાર દ્વારા ટેકાના ભાવમાં વધારો કર્યા બાદ હવે રાજ્ય સરકારે પણ ખેડૂતોની લાગણી અને માંગણીઓને માન આપીને આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ હવે નવી નિર્ધારિત મર્યાદા મુજબ ખરીદી પ્રક્રિયા અમલમાં મૂકશે. સરકારના આ પગલાથી બાજરી, મકાઈ અને જુવારનું ઉત્પાદન કરતા ખેડૂતોને વધુ લાભ મળશે અને તેમની આવકમાં વધારો થવાની સંભાવના છે.ખેડૂતોના હિતને કેન્દ્રસ્થાને રાખીને લેવાયેલા આ નિર્ણયને કૃષિ ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ ગણવામાં આવી રહ્યો છે. ખાસ કરીને આગામી ખરીદી સીઝન પહેલાં કરવામાં આવેલા આ સુધારાથી ગ્રામ્ય અર્થતંત્રને પણ નવી ગતિ મળશે.

ચાર દિવસથી આગાહી થાય છે પણ વરસાદ પડતો નથી

જૂન બાદ રાજ્યમાં વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની સંભાવના

અમદાવાદ : ગુજરાતમાં ચોમાસાની રાહ વચ્ચે ગરમીનો મિજાજ યથાવત્ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા 24 કલાક દરમિયાન વાતાવરણ સૂકું રહ્યું હતું અને મહત્તમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર નોંધાયો નથી. ઉત્તર ગુજરાત અને કચ્છના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાતા ગરમીનો અહેસાસ યથાવત્ રહ્યો છે.

રાજ્યના શહેરોમાં ભાવનગર અને અમદાવાદ સૌથી ગરમ શહેરો રહ્યા હતા, જ્યાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજકોટ, સુરેન્દ્રનગર, ગાંધીનગર અને વલ્લભ વિદ્યાનગરમાં 41 ડિગ્રી, અમરેલીમાં 40 ડિગ્રી, વડોદરામાં 40 ડિગ્રી તેમજ કંડલા એરપોર્ટ અને કંડલા પોર્ટ ખાતે 39 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ભૂજમાં 37 ડિગ્રી, નલિયા અને દમણમાં 36 ડિગ્રી, જ્યારે સુરત અને મહુવામાં 35 ડિગ્રી તાપમાન નોંધાતા દક્ષિણ ગુજરાત અને દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમીનું પ્રમાણ તુલનાત્મક રીતે ઓછું રહ્યું હતું.

હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા ન હોવાનું જણાવ્યું છે. અમદાવાદ માટે સામાન્ય વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી સાથે મહત્તમ તાપમાન 43 ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસું હાલમાં હરનાઈ, સોલાપુર, કલબુર્ગી, નંધાલ, ચેન્નાઈ અને સિલીગુડી સુધી આગળ વધી ચૂક્યું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન મધ્ય અરબી સમુદ્ર, મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ, તામિલનાડુના બાકીના વિસ્તારો તેમજ પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર અને ઝારખંડના કેટલાક ભાગોમાં ચોમાસું વધુ આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ બની છે.પશ્ચિમીય વિક્ષેપની અસર અને દક્ષિણ-પશ્ચિમ પવનોની સક્રિયતાના કારણે આગામી સપ્તાહ દરમિયાન ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની શક્યતા છે.

11થી 13 જૂન દરમિયાન સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાઓ ઉપરાંત દમણ, દાદરા અને નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે ઝાપટાં પડવાની આગાહી કરવામાં આવી છે. 14 જૂનથી વરસાદી વિસ્તાર વધુ વિસ્તરશે અને દક્ષિણ ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાઓમાં વરસાદી પ્રવૃત્તિ જોવા મળી શકે છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ 15, 16 અને 17 જૂન દરમિયાન દક્ષિણ ગુજરાતના લગભગ તમામ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. સાથે સાથે પંચમહાલ, દાહોદ અને મહીસાગર જેવા ઉત્તર અને મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં પણ વરસાદી ઝાપટાં પડી શકે છે.

સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં તેમજ દીવ વિસ્તારમાં પણ 15 જૂન બાદ વરસાદી પ્રવૃત્તિ શરૂ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન નિષ્ણાતોના મત મુજબ, ચોમાસું ગુજરાતની સરહદ તરફ આગળ વધી રહ્યું હોવાથી આગામી સપ્તાહ દરમિયાન દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં વરસાદનું પ્રમાણ ધીમે ધીમે વધશે, જ્યારે રાજ્યના બાકીના વિસ્તારોમાં પણ પ્રિ-મોન્સૂન એક્ટિવિટી જોવા મળી શકે છે.

અમદાવાદ રેલવે સ્ટેશન પર ડિજિટલ લગેજ લોકર સુવિધાનો પ્રારંભ

અમદાવાદ : પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા અમદાવાદ રેલવે સ્ટેશન (કાલુપુર) ખાતે મુસાફરો માટે અત્યાધુનિક ડિજિટલ લગેજ લોકર સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સ્વચાલિત ડિજિટલ લોકર સુવિધા મુસાફરોને શહેરમાં ફરવા અથવા અન્ય કામકાજ દરમિયાન પોતાના સામાનને સુરક્ષિત રાખવામાં મદદરૂપ બનશે. મુસાફરો કોઈપણ કર્મચારીની મદદ વગર પોતાના મોબાઈલ ફોન દ્વારા લોકરનું સંચાલન કરી શકશે. મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશે જણાવ્યું હતું કે અમદાવાદ સ્ટેશન પર પ્રથમ વખત આ પ્રકારની ડિજિટલ લોકર સેવા શરૂ કરવામાં આવી છે. બહારથી આવતા મુસાફરોને ઘણીવાર સામાનના કારણે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. હવે તેઓ પોતાના કિંમતી સામાન અને બેગેજને સુરક્ષિત રીતે લોકરમાં રાખીને શહેરમાં પોતાના કામકાજ સરળતાથી કરી શકશે.

સ્ટેશન પર પ્રથમ તબક્કામાં કુલ 59 ડિજિટલ લોકર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. તેમાં મિડિયમ, લાર્જ અને એક્સ્ટ્રા લાર્જ કદના લોકરનો સમાવેશ થાય છે. મુસાફરો માટે 3 કલાક, 6 કલાક અને 24 કલાકના વિકલ્પો ઉપલબ્ધ છે. આ સુવિધાના ચાર્જ માત્ર રૂ. 40થી શરૂ થાય છે. આ ડિજિટલ લોકર સુવિધા 24 કલાક અને સપ્તાહના સાતેય દિવસ ઉપલબ્ધ રહેશે. તેમાં સંપૂર્ણપણે કેશલેસ અને ડિજિટલ ચુકવણીની વ્યવસ્થા છે. મુસાફરો UPI, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ સહિત વિવિધ ડિજિટલ માધ્યમો દ્વારા ચૂકવણી કરી શકશે.

પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરને ભારતમાં ભેળવી દેવાની સુવર્ણ તક ઊભી થઈ છે

ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

ભારતના ભાગલા થયા ત્યારે પાકિસ્તાને કાશ્મીરના એક ભાગ પર અનધિકૃત રીતે કબજો જમાવી દીધો હતો. આ ભાગ નકશામાં ભારતમાં દેખાડવામાં આવે છે પણ તેના પર હકીકતમાં પાકિસ્તાનનો કબજો છે. પાકિસ્તાન આ ભાગને આઝાદ કાશ્મીર તરીકે ઓળખાવે છે પણ હકીકતમાં ત્યાંનાં લોકો પાકિસ્તાનના ગુલામની જેમ જીવે છે. આ કાશ્મીર માટે ભારતની સંસદમાં બેઠકો ખાલી રાખવામાં આવે છે અને તેને ભારતમાં ભેળવી દેવાનો ઉચ્ચાર ભાજપના નેતાઓ વારંવાર કરતાં હોય છે. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરને જો ભારતમાં ભેળવી દેવું હોય તો તેના માટે સુવર્ણ તક તાજેતરમાં પેદા થઈ છે. પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં વ્યાપક અશાંતિ ફેલાઈ રહી છે. સંયુક્ત આવામી કાર્યવાહી સમિતિ (JAAC) એ ૩૮ અધૂરી માંગણીઓ માટે દબાણ લાવવા માટે ૯ જૂને લોકડાઉન વિરોધી વિશાળ વિરોધ પ્રદર્શન કર્યું છે, જેના કારણે આ પ્રદેશમાં તણાવપૂર્ણ પરિસ્થિતિ સર્જાઈ છે. PoK માં ભૂતકાળમાં પણ હિંસક ઘટનાઓ જોવા મળી છે, જેમાં સુરક્ષા દળો દ્વારા JAAC નેતાની હત્યા, ઇન્ટરનેટ બ્લેકઆઉટ અને વિદ્રોહી જૂથ પર પ્રતિબંધનો સમાવેશ થાય છે. આ પરિસ્થિતિ હોવા છતાં PoK માં લોકો હજુ પણ વીજળીની અછત, ફુગાવા, બેરોજગારી, સંસાધનોનો નાશ અને રાજકીય ભેદભાવથી પીડાઈ રહ્યા છે.

પીઓકેમાં ટેલિકોમ અને ઇન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવામાં આવી છે, જ્યારે મુઝફ્ફરાબાદમાં પાકિસ્તાન ફેડરલ પોલીસ અને પાકિસ્તાન રેન્જર્સની વધારાની ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે. પાકિસ્તાની અધિકારીઓએ JAAC પર પ્રતિબંધ મૂક્યો છે અને તેના પર આતંકવાદમાં સામેલ થવાનો અને રાજ્યમાં અરાજકતા ફેલાવવાનો આરોપ મૂક્યો છે. આ ઘટનાઓથી આગામી દિવસોમાં આ પ્રદેશમાં અશાંતિનો બીજો મોટો તબક્કો ફરી એક વાર જોવા મળી શકે છે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે. પાકિસ્તાને બંધારણીય, ચૂંટણી અને શાસન સુધારા અંગેનાં પોતાનાં વચનો પૂર્ણ કર્યાં નથી અને આંદોલનને નબળું પાડવાનો પ્રયાસ કર્યો છે.

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં પાકિસ્તાન સરકારના અત્યાચારો સામે કાશ્મીરીઓએ બળવો શરૂ કર્યો છે. આવી સ્થિતિમાં PoK માં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. શુક્રવારે મોટી સંખ્યામાં કાશ્મીરીઓ પાકિસ્તાન વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરવા માટે રસ્તા પર ઊતરી આવ્યાં હતાં. ત્યારબાદ પાકિસ્તાન સરકારે કાશ્મીરીઓનો અવાજ દબાવવા માટે ભારે દળો તૈનાત કર્યા હતા. આ દરમિયાન કાશ્મીરીઓ પર ગોળીબાર થયાના પણ અહેવાલો આવ્યા છે. ઘણા વીડિયો વાયરલ થઈ રહ્યા છે, જેમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે પાકિસ્તાની દળો રાઈફલથી ગોળીઓ ચલાવી રહ્યા છે. મિડલ ઇસ્ટ મીડિયા રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના એક અહેવાલ મુજબ ૩૮ મુદ્દાના ચાર્ટરમાં લોટ સબસિડી પુનઃસ્થાપિત કરવા અને ફુગાવાને નિયંત્રિત કરવા, ન્યાયાધીશો અને સરકારી કર્મચારીઓને આપવામાં આવેલી વિશેષ સત્તાઓ સમાપ્ત કરવા, અન્યાયી કર પાછો ખેંચવા અને પાકિસ્તાનની સંઘીય સરકારમાં કાશ્મીરીઓ માટે નોકરીઓ અનામત રાખવા જેવી માંગણીઓ સામેલ છે. તેમાં વેપારીઓને નાણાંકીય સહાય, સ્ટેટ બેંક ઓફ પાકિસ્તાન સાથે પીઓકે બેંકનું વિલીનીકરણ રદ કરવા, ટોલ પ્લાઝા નાબૂદ કરવા, લાકડાની દાણચોરી પર પ્રતિબંધ અને વિવિધ શહેરોમાં વિદ્યાર્થી છાત્રાલયોના નિર્માણની માંગણી કરવામાં આવી છે.

જેકે-જેએએસી કોર કમિટીના સભ્ય સરદાર ઉમર નઝીર કાશ્મીરીએ પણ આંતરરાષ્ટ્રીય મીડિયા અને વૈશ્વિક માનવાધિકાર સંગઠનોને પીઓકેમાં ચાલી રહેલા સંકટનો ઉકેલ લાવવા અપીલ કરી છે. JAAC એ લાંબા બંધની તૈયારીમાં લોકોને ઓછામાં ઓછા એક મહિના માટે આવશ્યક ચીજવસ્તુઓનો સંગ્રહ કરવાની અપીલ કરી છે. તેણે જાહેરાત કરી છે કે જ્યાં સુધી સરકાર તેમની માંગણીઓ પૂર્ણ ન કરે ત્યાં સુધી આ વિસ્તારમાં કોઈ પણ રાજકીય રેલીઓને મંજૂરી આપવામાં આવશે નહીં. પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે)નાં લોકો ઇસ્લામાબાદના અત્યાચારોથી કંટાળી ગયા છે. દાયકાઓથી પાકિસ્તાન તેમની સાથે બીજા વર્ગનાં નાગરિકો જેવું વર્તન કરે છે. મુઝફ્ફરાબાદમાં એક રેલીને સંબોધતાં પીઓકેના રાજકીય કાર્યકરોએ ખુલ્લેઆમ પાકિસ્તાની સૈન્ય અને સરકાર સામે પોતાનો ગુસ્સો અને દુઃખ વ્યક્ત કર્યું હતું. પીઓકેમાં ચાલી રહેલાં વિરોધ પ્રદર્શનોનું લાંબા સમયથી નેતૃત્વ કરી રહેલા રાજકીય કાર્યકર્તા અને નેતા તૌકીર ગિલાનીએ કહ્યું કે પાકિસ્તાની વહીવટીતંત્ર કહે છે કે તેઓ અમારી સાથે ઊભા રહેશે અને હંમેશા પીઓકેનાં નાગરિકોના અધિકારો માટે લડશે, પરંતુ પાકિસ્તાનની સ્થાપના થઈ ત્યારથી જ પાકિસ્તાન આપણું દુશ્મન રહ્યું છે. તમે અફઘાનિસ્તાનનાં લોકોને પૂછી શકો છો, તમે પેલેસ્ટિનિયનોને પૂછી શકો છો અને તમે અમને અત્યાચારો વિશે પણ પૂછી શકો છો.

રેલીને સંબોધતા ગિલાનીએ કહ્યું કે આજે પાકિસ્તાની શાસન આપણી વાત સાંભળવા અને આપણે જે સ્વતંત્રતા માંગીએ છીએ તેને આપવા તૈયાર નથી. અહીંનું શાસન આપણને પાકિસ્તાનવિરોધી અને ઇસ્લામ વિરોધી કહે છે. પાકિસ્તાનનો એકમાત્ર ઇરાદો આપણા અધિકારો છીનવી લેવાનો છે, પરંતુ પીઓકેનાં લોકો હવે આ સહન કરશે નહીં. પીઓકેનાં લોકો વધુ જાગૃત થઈ ગયાં છે. આપણે અવાજ ઉઠાવવામાં કોઈ કસર છોડીશું નહીં. કુદરતી સંસાધનોની ચોરી PoK માટે સૌથી મોટો ખતરો છે, જે ૧૯૪૮ થી પાકિસ્તાનના કબજા હેઠળ છે. પાકિસ્તાને ખૈબર પખ્તુનખ્વાના રાષ્ટ્રીય નેતાઓને પણ બક્ષ્યા નહીં, જેમણે ઘણી વખત દેશની સેવા કરી છે. તેમને દેશદ્રોહી જાહેર કર્યા છે અને જેલમાં ધકેલી દીધા છે. પાકિસ્તાનનું વહીવટીતંત્ર હવે રાજકીય પક્ષોને તોડી નાખવામાં અને આપણી સંસ્કૃતિઓ અને પરંપરાઓનો નાશ કરવામાં વ્યસ્ત છે.

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) ના રાવલકોટ વિસ્તારમાં શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પર પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા કથિત ગોળીબાર પર ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. યુનાઇટેડ કાશ્મીર પીપલ્સ નેશનલ પાર્ટીએ સોમવારે આ ઘટનાની સખત નિંદા કરી અને તેને નરસંહાર ગણાવ્યો હતો. યુકેપીએનપી અનુસાર રવિવાર રાત્રે બનેલી આ ઘટનામાં ઘણાં વિરોધીઓ માર્યા ગયા અને ઘણાં ઘાયલ થયાં હતાં. શાંતિપ્રિય લોકો સામે બળનો ઉપયોગ લોકશાહી મૂલ્યોની વિરુદ્ધ છે. વિરોધ પ્રદર્શન હવે રાવલકોટ પૂરતું મર્યાદિત નથી. મુઝફ્ફરાબાદ, મીરપુર, ટાટા પાણી અને પ્લાંડ્રી સહિત અનેક વિસ્તારોમાં દેખાવો અને બંધનું એલાન આપવામાં આવ્યું છે. પ્લાંડ્રીમાં પણ પ્રદર્શનકારીઓએ મુખ્ય રસ્તાઓ બ્લોક કર્યા હોવાના અહેવાલ છે. વિદેશમાં રહેતા કાશ્મીરી સમુદાયે પણ PoKમાં બગડતી પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે. બ્રિટનમાં એકતા પ્રદર્શનો યોજવામાં આવ્યા છે, જ્યારે અમેરિકા અને ઓસ્ટ્રેલિયાએ વિવિધ આંતરરાષ્ટ્રીય મંચો પર કાશ્મીરના આ ક્ષેત્રમાં માનવ અધિકારોનો મુદ્દો ઉઠાવ્યો છે.

PoKમાંથી આવી રહેલા સમાચાર અંગે ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે ''ભારતે પાકિસ્તાન તરફથી આવતા નકલી સમાચાર અને વીડિયોનો નમૂનો જોયો છે. ઇસ્લામાબાદ પોતાની નિષ્ફળતાઓ છુપાવવા માટે આનો ઉપયોગ કરી રહ્યું છે.

તાજેતરના વિરોધ પ્રદર્શનો દરમિયાન ઘણા નાગરિકો માર્યા ગયાં હતાં અને અન્ય ઘાયલ થયાં હતાં. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં ગંભીર પોલીસ બર્બરતાના અહેવાલો છે. અમને આશા છે કે આંતરરાષ્ટ્રીય સમુદાય પાકિસ્તાનને તેનાં દુષ્કૃત્યો માટે જવાબદાર ઠેરવશે.''હવે ભારતે આક્રમક બનીને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરને ભારતમાં ભેળવી દેવાની જરૂર છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં પાકિસ્તાન સરકારના અત્યાચારો સામે કાશ્મીરીઓએ બળવો શરૂ કર્યો છે. આવી સ્થિતિમાં PoK માં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે

BUSINESS મિત્ર

વધતા તણાવ અને ક્રૂડના ભડકા વચ્ચે સેન્સેક્સ-નિફ્ટી ઉપલા સ્તરેથી ગબડ્યા

સેન્સેક્સ ઇન્ટ્રાડે ઉંચાઇએથી 700 પોઇન્ટ ઘટ્યો, લાર્જકેપ શેરોની સરખામણીએ બ્રોડર માર્કેટનું ખરાબ પ્રદર્શન

રૂપિયામાં સુધારો જોવાયો

મીડલ ઇસ્ટની વાર્તાલાપ ચાલુ રહેતા કરન્સી બજારમાં પણ વધઘટ ચાલી રહી હતી અને અંતે રૂપિયો સુધરીને બંધ રહ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 9 પૈસા સુધરીને 95.27ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં 95.36ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.50, પાઉન્ડ 127.02, કેનેડિયન ડોલર 68.53, ઓસ્ટ્રેલિયન ડોલર 66.68, જાપાનીઝ યેન 0.5937 અને સીંગાપોર ડોલર 73.85ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	95.27 રૂ.
યુરો	109.50 રૂ.
પાઉન્ડ	127.02 રૂ.
યેન	0.5937 રૂ.

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 10: ભારતીય શેરબજારમાં ઉપલા સ્તરેથી નફાવસુલી જોવા મળી હતી. શરૂઆતમાં સેન્સેક્સ અને નિફ્ટી અડધા ટકાથી વધુના ઉછાળા સાથે ખુલ્યા હતા, બાદમાં ફરીથી મીડલ ઈસ્ટમાં તણાવના પગલે વેચવાલી જોવા મળી હતી. ઈરાન અને અમેરિકા વચ્ચે તીવ્ર તણાવ અને પીએસયુ બેન્ક સહિતના કેટલાક ક્ષેત્રોના જોરદાર દબાણને કારણે બજાર તુટી ગયું હતું. બ્રોડર સ્તર પર, પ્રારંભિક વ્યવસાયમાં દબાણ હતું, જે વ્યવસાય આગળ વધતા વધુ વધ્યો હતો. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ અને સ્મોલકેપ ઈન્ડેક્સ આજે લગભગ દોઢ ટકાના ઘટાડા સાથે બંધ થયા છે.

પશ્ચિમ એશિયામાં ફરી એકવાર યુદ્ધની જ્વાળાઓ તીવ્ર બની રહી છે. ઈરાને બહેરીન, કુવેત અને જોર્ડનમાં અમેરિકી સૈન્ય મથકો પર હુમલો કર્યો હતો. આ પહેલા અમેરિકી સૈન્ય મથકો પર હુમલો કર્યો હતો. આ પહેલા અમેરિકી સેનાએ હોર્મુઝની સામુદ્રધુની નજીક ઈરાનની એર ડિફેન્સ સીસ્ટમ, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર અને સર્વેલન્સ રડાર બેઝ પર હવાઈ હુમલો કર્યો હતો. જેના લીધે ક્રુડ ઓઈલ ફરી ઉકળ્યું હતું અને પ્રતિ બેરલ 92 ડોલરની આસપાસ પહોંચી ગયું હતું. શરૂઆતની તેજીનો ફાયદો ઉઠાવતા રોકાણકારોએ ઉપલા સ્તર પર નફો લીધો હતો, ત્યારબાદ બજાર પર દબાણ સર્જાયુ હતું.

બીએસઈ સેન્સેક્સ 64.42 પોઈન્ટ એટલે કે 0.09 ટકા વધીને 73983.18 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં 74613 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73897 પોઈન્ટના સ્તર સુધી ઘટ્યા હતા. નિફ્ટી 27.15 પોઈન્ટ એટલે કે 0.12 ટકા ઘટીને 23214.95 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23425 પોઈન્ટના સ્તર સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23184 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 94.20 પોઈન્ટ એટલે કે 0.17 ટકા ઘટીને 55100.30 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે એફકોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં 19.59 ગણા, સુપ્રીમ ઈન્ડ.માં 17.36 ગણા, જેએસડબલ્યુ ઈન્ફ્રા.માં 6.58 ગણા, મેક્સ ફાઈ. માં 5.8 ગણા અને બ્રિટાનીયા ઈન્ડ. માં 4.97 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે એફકોન્સ ઈન્ફ્રા.માં 36.28 ગણા, મીશામાં 12.06 ગણા, ડોમ્સ ઈન્ડ.10.79 ગણા, ફર્ટીલાઈઝર એન્ડ કેમિકલ્સમાં 8.75 ગણા, ચંબલ ફર્ટીમાં 6.33 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ખરાબ પ્રદર્શન જોવાયું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.36 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.13 ટકા ઘટયા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું છે. બીએસઈ ખાતે 1478 શેરો વધ્યા હતા, જ્યારે 2736 શેરો ઘટ્યા હતા જ્યારે 155 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સ 3.62 ટકા ઘટયા હતા. જે છેલ્લા બે ટ્રેડિંગ સેશનમાં 2.44 ટકા ઘટ્યા હતા. જેમાં નેસલે ઈન્ડિયા, હિન્દુસ્તાન યુનિલીવર, કોલગેટ-પામોલીવ, ગોદરેજ કન્ઝ્યુમર, બ્રિટાનીયા, આઈટીસી, મેરિકો, ઈમામી, ડેબુર ઈન્ડિયા અને યુનાઈટેડ સ્પીરીટસ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ જોન્સ ફ્યુચર્સ 370 પોઈન્ટ સુધી ઘટાડો નોંધાયો છે, જે આજે અમેરિકન શેરો નકારાત્મક ખુલવાના સંકેત આપે છે. યુરોપિયન બજારો પણ સુધારા સાથે નીચા થયા હતા. યુએસમાં વાર્ષિક ફુગાવાનો દર એપ્રિલમાં 3.8 ટકાથી વધીને મે 2026માં 4.2 ટકા થવાની ધારણા છે, જે એપ્રિલ 2023 પછીનું સૌથી વધુ સ્તર છે, જે મુખ્યત્વે ઈરાન સંઘર્ષ વચ્ચે ગેસોલીનના ઉંચા ભાવને કારણે ચાલે છે. ગઈકાલે હેલિકોપ્ટર તોડી પાડવાની ઘટનાના કારણે સામસામે હુમલાઓ શરૂ થતા આજે એશિયન બજારો નીચે બંધ રહ્યા હતા. યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.45 ટકા, કેક 0.44 ટકા અને ડેક્સ 1.14 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.91 ટકા, સ્ટ્રેઈટસ 1.30 ટકા, હેંગસેંગ 0.76 ટકા, તાઈવાન 3.42 ટકા, કોસ્પી 4.74 ટકા અને શાંઘાઈ 0.42 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્તા 2.64 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	64.42	73983.18
નિફ્ટી	-27.15	23214.95
બેન્ક નિફ્ટી	-94.20	55100.30

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
નેસલે ઇન્ડિયા	1.98	1328.30
એચયુએલ	1.72	2169.50
એક્સીસ બેન્ક	1.71	1314.50
કોટક બેન્ક	1.68	388.10
ICICI બેન્ક	1.44	1293.30

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
હિન્ડાલ્કો	3.47	1039.30
કોલ ઇન્ડિયા	3.41	451.00
ઇન્ફોસીસ	2.97	1145.30
ઓએનજીસી	2.74	251.90
ઇટર્નલ	2.38	239.80

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એક્સીસ બેન્ક	1.70	1314.60
એચયુએલ	1.70	2169.30
કોટક બેન્ક	1.64	388.00
ICICI બેન્ક	1.40	1293.25
આઇટીસી	1.30	283.75

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇટર્નલ	2.46	239.60
ટાટા સ્ટીલ	1.99	199.05
બજાજ ફિનસર્વ	1.67	1664.05
ટાઇટન કંપની	1.48	4045.75
ઇન્ફોસીસ	0.90	1145.05

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.	૭૫/૩૬ ''	૧૩૭.૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૭૦	૫૦/૩૬ ''	૧૪૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
૩૦/૩૬ એફડી	૨૭૭	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૦	ગાર્ડન	
લોકલ		RIL રિલાયન્સ		૪૯/૨૪ એફડીવાય	૧૪૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૨	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૪૪	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૮
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૨	૧૦૦ ટેક્ષ	૧૪૦	૬૮ ક્રિમ્પ	૧૪૭
૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૧	વેલનોન (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૪૩
૮૪/૪૮ ક્રિમ્પ	૧૪૧	૮૦/૭૨ રોટો	૧૪૫	૭૫ ક્રિમ્પ	૧૪૨
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧	૮૦ ક્રિમ્પ	૧૪૦
૮૦/૭૨ રોટો.	૧૪૨	૧૬૦ ડીસ્કેટ	૧૫૧	૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૮૦/૩૬ રોટો.	૧૪૩	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૯	૮૦/૧૦૮ ''	૧૪૩.૫	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૪૨.૫

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૮૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૦૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૯૦
કપાસીયા (૧૫ કિ.)	૨૭૮૦	તલતેલ	૪૬૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૫૪૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૩૬૦
સરસીયું તેલ	૨૯૦૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૫૦૦
એમ-૩૦	૪૪૫૦
એસ-૩૦	૪૪૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૨૪૦૦
તેજાબી સોનું	૧૫૨૩૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૪૭૮૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૯૩૫૦
સોનાનાં બિસ્કીટ	૧૫૨૪૦૦૦
ચાંદી (૯૯૯)	૨૪૪૫૦૦
ચાંદી સિક્કા	૨૪૬૦૦૦

મુકેશ અંબાણી અને ઝુકરબર્ગે મિલાવ્યા હાથ!

જામનગરમાં દેશનું પ્રથમ એઆઇ સક્ષમ ડેટા સેન્ટર બનશે

અમદાવાદ, તા. 10: ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટસએપની પેરેન્ટ કંપની મેટાએ ભારતમાં પોતાનું પ્રથમ એઆઈ સંચાલિત ડેટા સેન્ટર બનાવવા માટે રિલાયન્સ સાથે હાથ મિલાવ્યા છે. સમગ્ર વિશ્વમાં એઆઈની રેસ ચાલી રહી છે ત્યારે મેટા તેની કમ્પ્યુટીંગ ક્ષમતાને વિસ્તૃત કરવા પર કામ કરી રહી છે. આ પગલું બંને કંપનીઓ વચ્ચેના મજબૂત વ્યૂહાત્મક સંબંધોને પણ પ્રતિબંબિત કરે છે. અગાઉ બંને કંપનીઓએ ભારત અને દેશની બહારના કેટલાક બજારો માટે એન્ટરપ્રાઈઝ એઆઈ સોલ્યુશન્સ વિકસાવવા માટે સંયુક્ત સાહસ પણ બનાવ્યું હતું.

મેટા અને રિલાયન્સ વચ્ચેની ભાગીદારી હેઠળ રિલાયન્સ ગુજરાતના જામનગરમાં 168 મેગાવોટનું ડેટા સેન્ટર વિકસાવશે. તેને બે વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. જરૂર પડ્યે તેની ક્ષમતા વધારવાનો વિકલ્પ પણ હશે. રિલાયન્સ આ પ્રોજેક્ટ માટે ડિઝાઈન, બાંધકામ, યુટિલિટી મેનેજમેન્ટ, રિન્યુએબલ પાવર, નેટવર્ક કનેક્ટિવિટી અને મેનેજ્ડ સેવાઓ સહિત તમામ એન્ડ-ટુ-એન્ડ સેવાઓ પ્રદાન કરશે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને એમડી મુકેશ અંબાણીનું કહેવું છે કે મેટા સાથેની ભાગીદારી દેશના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં એક મોટો પરિવર્તન છે. મેટા જેવી મોટી વૈશ્વિક ટેક્નોલોજી કંપની માટે ભારતનું પ્રથમ 'બિલ્ટ-ટુ-સ્યુટ' ડેટા સેન્ટરનું નિર્માણ દર્શાવે છે કે ભારત વૈશ્વિક એઆઈ ક્રાંતિમાં મોખરે રહેવા માટે તૈયાર છે. તેમણે કહ્યું કે રિલાયન્સ વિશ્વ કક્ષાનું ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે પ્રતિબદ્ધ છે જે માત્ર ભારત માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે એઆઈ નવીનીકરણની આગામી પેઢીને આગળ ધપાવશે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેને જણાવ્યું હતું કે, જામનગર હાયપરસ્કેલ એઆઈ કમ્પ્યુટિંગ માટે એક ખાસ સ્થળ બનશે અને રિલાયન્સને આ વિઝનને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા માટે મેટા સાથે ભાગીદારી કરવામાં ગર્વ છે.

મેટાના સ્થાપક અને સીઈઓ માર્ક ઝુકરબર્ગનું કહેવું છે કે મેટાને ભારતમાં તેનું પ્રથમ એઆઈ-સક્ષમ ડેટા સેન્ટર બનાવવા માટે રિલાયન્સ સાથે કામ કરવામાં ગર્વ છે. તેમણે કહ્યું કે જામનગરમાં વિશ્વ કક્ષાની સુવિધા મેટાને વૈશ્વિક સ્તરે તેના એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવામાં મદદ કરશે અને તે જ સમયે ભારતના અર્થતંત્રમાં તેના લાંબા ગાળાના રોકાણને વધુ મજબૂત કરશે.

સોલાર પેનલ પરની સબસીડી બંધ કરવાનું વિચારતી સરકાર

સબસિડીનો લાભ ફક્ત ૩૧ માર્ચ, ૨૦૨૭ સુધી જ મળશે

નવી દિલ્હી, તા. 10: સોલાર પેનલ લગાવીને દર મહિને ભારે વીજળીના બિલથી છુટકારો મેળવવા માટેના મહત્વના સમાચાર આવ્યા છે. ભવિષ્યની વીજળીની જરૂરિયાતો અને સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે, સરકારે ફેબ્રુઆરી 2024માં પીએમ સૂર્ય ઘર ફ્રી વીજળી યોજના શરૂ કરી હતી, જેના બંધ થવાનું કાઉન્ટડાઉન શરૂ થઇ ગયું છે. ઉત્તર પ્રદેશ ન્યૂ એન્ડ રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સીની સત્તાવાર વેબસાઇટ પર ચાલતા લાઇવ કાઉન્ટર અનુસાર, આ યોજના હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી બમ્પર સબસિડીનો લાભ ફક્ત 31 માર્ચ, 2027 સુધી ઉપલબ્ધ રહેશે. જોકે, આ યોજનાને લંબાવી પણ શકાય છે. ઉત્તર પ્રદેશમાં પણ આ મહત્વાકાંક્ષી યોજનાને લઇને લોકોમાં જબરદસ્ત ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાજધાની લખનૌ આ યોજનાનો લાભ ઉઠાવવામાં સમગ્ર રાજ્યમાં ટોચ પર છે. અત્યાર સુધીમાં 10856 ઘરોની છત પર સોલાર પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે, જે 373 મેગાવોટ ગ્રીન એનર્જીનું વિક્રમી ઉત્પાદન કરે છે. જ્યારે બીજા નંબરે વારાણસી આવે છે. જ્યારે ફેબ્રુઆરી 2024માં આ પીએમ સુર્ય ઘર યોજના શરૂ કરવામાં આવી હતી, ત્યારે સરકારે દેશભરના 1 કરોડ ઘરોની છત પર સોલાર પેનલ લગાવવાનું લક્ષ્ય રાખ્યું હતું અને આ માટે 3 વર્ષની સમયમર્યાદા નક્કી કરી હતી, જે 31 માર્ચ 2027ના રોજ પૂર્ણ થઇ રહી છે. જોકે, સોલાર એનર્જીના ક્ષેત્રમાં દેશની મોટી સફળતા અને ભવિષ્યની વધતી જતી વીજળીની જરૂરિયાતોને જોતા આ યોજના સંપૂર્ણ રીતે બંધ નહીં થાય, પરંતુ તેના સ્વરૂપ અથવા લક્ષ્યોને આગળ લઇ જઇ શકાય છે.